**એમ.એ.સી.એમ.એ.નં.૨૮૯/૨૦૨૬**
**એમ.એ.સી.પી.નં.૨૭૪૨/૨૦૦૩**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

**૧.** અરજી વંચાણે લીધો. વીમા કંપનીનાં વિ. વિ. શ્રીનો શેરો વંચાણે લીધો. નાઝરશ્રીનો શેરો વંચાણે લીધો.

**૨.** અરજદારો ધ્વારા હાલની અરજી કરી રજુઆત કરેલ છે કે, એમ.એ.સી. પી.નં. ૨૭૪૨/ ૨૦૦૩ નાં કામે નામદાર ટ્રિબ્યુનલે કરેલ એવોર્ડ મુજબ વીમા કંપનીએ એવોર્ડની રકમ જમા કરાવેલ છે અને એવોર્ડ મુજબ અરજદાર નં.૧ ના નામે રૂા.૧,૭૧,૧૦૦/– અરજદાર નં.૨ ના નામે રૂા.૧,૭૧,૧૦૦/– અરજદાર નં.૩ ના નામે રૂા.૧,૭૧,૧૦૦/– તા.૧૧.૦૩.૨૦૧૯ નાં રોજ બેંક ઓફ મહારાષ્ટ્ર, નડીયાદ શાખામાં પાંચ વર્ષ માટે એફ.ડી.માં મુકવામા આવેલ છે, જે એફ.ડી.આર. નાઝરશ્રીની કસ્ટડીમાં છે તે અરજદારોને પરત કરી અરજદારોનાં નામે બેંકમાં જમા રહેલ એફ.ડી. ની વ્યાજ સહિતની રકમ અરજદારોને ચૂકવી આપવાનો હુકમ કરવા અરજ કરેલ છે. વધુમાં, અરજદાર નં. ૩ તા.૩૧.૦૩.૨૦૨૬ નાં રોજ ગુજરી ગયેલ હોય તેઓના નામે રહેલ એફ.ડી.ની વ્યાજ સહિતની રકમ અરજદાર નં. ૧ તથા ૨ ને સરખે હીસ્સે ચૂકવી આપવા રજુઆત કરેલ છે.

**૩.** વધુમાં, અરજદારો તરફથી એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, એમ.એ.સી.પી.નં.૨૭૪૨/૨૦૦૩ નાં કામે થયેલ હુકમ વિરૂદ્ધ વીમા કંપનીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ફર્સ્ટ અપીલ નં.૩૪૮૨/૨૦૧૭ દાખલ કરેલ. સદર અપીલના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે તા.૦૪. ૧૨.૨૦૨૫ નાં રોજ નીચે મુજબનો હુકમ કરેલ છે:–

*It is made clear that present first appeal is dismissed on account of smallness of the amount and the order passed by this Court shall not be treated as precedent so as to say that this Court has decided any issue on merit. The whole purpose to dismiss the appeal on account of smallness of amount is with a view to avoid hardship both physically and financially on the part of the original claimants to appear and defend the case.*

*The entire award amount be disbursed and released in favour of claimant/s after due verification by transferring said amount/s to the account/s of claimant/s by RTGS or NEFT*

**૪.** વીમા કંપનીનાં વિ. વિ. શ્રી તરફથી અરજી ઉપર નામદાર હાઈકોર્ટે ફર્સ્ટ અપીલ નં.૩૪૮૨/૨૦૧૭ ના કામે કરેલ હુકમ મુજબ નાણા ચૂકવવા સામે વાંધો ન હોવાનો શેરો કરેલ છે.

**૫.** આ કામે અરજદારોની અરજીની હકીકતો, રજૂઆતો, રજુ દસ્તાવેજી આધારો તથા નાઝરશ્રીનો શેરો વંચાણે લેતા અરજદારોના નામે એફ.ડી.મા રકમ જમા રહેલ હોવાનુ, અસલ એફ.ડી. નાઝરશ્રીની કસ્ટડીમાં હોવાનું તેમજ અરજદાર નં.૩ ગુજરી ગયેલ હોવાનું ફલિત થાય છે. વધુમાં વીમા કંપનીએ નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ ફર્સ્ટ અપીલ કેંસલ થયેલ હોય નાઝર શ્રી એ અરજદાર નં. ૧ તથા ૨ ની એફ.ડી.આર. અરજદાર નં.૧ તથા ૨ ને પરત કરવાનો તેમજ અરજદાર નં.૩ ની એફ.ડી.આર. અરજદાર નં.૧ તથા ૨ ને પરત કરવાનો તેમજ સંબંધિત બેંકે અરજદાર નં.૧ તથા ૨ ના નામે એફ.ડી.માં જમા રહેલ વ્યાજ સહિતની રકમ અરજદાર નં. ૧ તથા ૨ ના ખાતામાં તેમજ અરજદાર નં. ૩ ના નામે એફ.ડી.માં જમા રહેલ વ્યાજ સહિતની રકમ અરજદાર નં. ૧ તથા ૨ ને સરખે હીસ્સે વંહેચી અરજદાર નં.૧ તથા ૨ નાં ખાતામાં એકાઉન્ટ પે ચેક/ એન.ઈ. એફ.ટી./આર.ટી.જી.એસ.થી યોગ્ય ખરાઈ કરી ચૂકવી આપવી અને તે અંગેની જાણ નાઝરશ્રી, ડિસ્ટ્રિક્ટ કોર્ટ, નડીયાદને કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૬.** હુકમની ચાદી બેંકને કરવી.

**હુકમ આજરોજ તા.૧૬ મી, માહે:-જુન, સને:-૨૦૨૬ ના રોજ ચુકાદો ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

તા.૧૬/૦૬/૨૦૨૬
સ્થળ: નડીયાદ.

**(હેમાંગ અશ્વિનભાઈ ત્રિવેદી)**
મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ
અને અધિક ડીસ્ટ્રીકટ જજ,
નડીયાદ.
કોડ નં. GJ00591

(બી.બી.ત્રિવેદી)